**CC No.137/2026**

## ગારીયાધારનાં મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ગારીયાધાર

| | |
|---|---|
| **ફોજદારી કેસ નંબર** | **૧૩૭/૨૦૨૬** |
| આંક | **૧૨** |

| | |
|---|---|
| શ્રી સરકાર | ફરીયાદી |
| **વિરૂધ્ધ** | |
| **રવેશભાઈ અર્જુનભાઈ ભીલ,**<br>**ઉ.વ.૨૭, રહે.હાલ પરવડી રેખાબેન કિશોરભાઈ ખેનીની વાડીમાં, તા.ગારીયાધાર**<br>**મુળ–શેરડીવાસણ તા.કવાંટ,જી.છોટા ઉદેપુર** | આરોપી |

**–:: જજમેન્ટ ::–**

આ કામે ફરીયાદપક્ષે આરોપી ઉપર પ્રોહીબીશન એકટની કલમઃ– ૬૬–૧–બી તથા એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબના ગુનાનો આરોપ મુકેલો છે. આ ગુનામાં આરોપીને સમન્સ કરતાં તે સમન્સ આરોપીને ધોરણસર બજી જતાં તેઓ નામદાર કોર્ટમાં હાજર થયેલા અને તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડતાં આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરવા માંગીએ છીએ તેવું જણાવેલ અને અલગથી લેખિતમાં ગુનાની કબુલાત પુરસીસ **<u>આંક– ૧૧</u>** થી આપતા જે કામમાં દાખલ કરેલી છે. તે રીતે આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનાનો સ્વીકાર કરી એવી રજુઆત કરી છે કે, તેમની આર્થીક પરિસ્થિતી ખુબ જ નબળી છે. હવે પછી આ પ્રકારની ભુલ કરશે નહી. દયા કરી તેમને હળવી રકમનો દંડ કરવા અરજ કરેલ છે. આરોપી તેની સામેના આક્ષેપોનો સ્વીકાર કરતા હોય, તેઓને ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈઓ વિષે સમજ કરવામાં આવેલ છે અને આ ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાની ખાત્રી કરેલ છે. આરોપી ગુનાનો સ્વીકાર કરતાં હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સિવાય આ અદાલત પાસે બીજો કોઈ વિકલ્પ નથી. આ કામના આરોપીની રજુઆત તેમજ આર્થિક, સામાજીક, કૌટુંબીક પરિસ્થિતી નજર સમક્ષ રાખતા આરોપીને હળવી રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે. તે રીતે <u>નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત</u> માં ઠરાવેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખતાં કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ખાસ સંજોગોમાં અદાલત કરી શકે છે તેવું ઉપરોકત ચુકાદામાં ઠરાવેલુ છે. જે મુજબ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: આખરી હુકમ :–</u>**

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૫ અન્વયે પ્રોહીબીશન એકટની કલમઃ ૬૬–૧–બી ના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂ.૨૦૦/– (અંકે રૂપીયા બસ્સો પુરા) નો દંડ તથા એમ.વી.એકટની કલમ–૧૮૫ ના ગુનામાં તકસીરવાન ઠરાવીને રૂ.૧૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા), એમ મળી **કુલ રૂા.૧૨૦૦/–(અંકે રૂપીયા બારસો પુરા)** નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે મુદ્દામાલ અંગે અગાઉ થયેલ હુકમ કાયમી રાખવો.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં તારીખ–૧૧મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : ગારીયાધાર

**(હિતેષકુમાર રસીકલાલ ઠકકર)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ગારીયાધાર
Code No.GJ01448

*N.H.Katariya, PA*